UNITE FOR GOOD

Rotary
Surendranagar, District 3060


Team Achievers

Charter NO : 15139 | RI DISTRICT: 3060 | CHARTER DATE: 29/05/1955

YEAR-71

# ઉદગામ

NOV. 25




RI PRESIDENT:RTN. FRANSESCO AREZZO
DG: RTN. AMARDEEP BUNET
CLUB PRESIDENT: RTN. HIREN SHAH
CLUB SECRETARY : RTN. JITESH DEFTARY



## Project - 44

**પ્રોજેક્ટ : આઈ ચેક અપ કેમ્પ તથા એનિમિયા કેમ્પ** **તારીખ : ૨-૧૧-૨૦૨૫**
**સ્થળ : એસ. કે. પી. બેરિંગ, મુળચંદ રોડ**

રોટરી કલબ ઓફ સુરેન્દ્રનગર તથા તથા શ્રીમદ્ રાજચંદ્ર હોસ્પીટલ અને રીસર્ચ સેન્ટર ફેમીલી ટ્રસ્ટ (ધરમપુર) વિઝનકેર તથા સી.યુ.શાહ મેડીકલ કોલેજના સંયુકત ઉપક્રમે આઈ ચેક અપ કેમ્પ તથા એનિમિયા કેમ્પ કરવામાં આવ્યો.

એસ. કે. પી. બેરિંગ મુળચંદ રોડ સુરેન્દ્રનગર ખાતે ફેકટરીના કામદારો માટે આઈ ચેક અપ કેમ્પ તથા એનિમિયા કેમ્પનું આયોજન કરાવ્યું હતું, આ કેમ્પમાં આઈ કેમ્પ તથા એનિમિયા કેમ્પ એમ બન્ને કેમ્પના ૨૦૦ લાભાર્થીઓએ લાભ લીધો હતો.

આ કેમ્પમાં દરેક કામદારોના દ્રષ્ટિ પરીક્ષણ (Eye-Check-up) કરવામાં આવ્યા હતા. જેમાં આંખોની તકલીફ ધરાવતા લોકોને યોગ્ય સલાહ આપવામાં આવી તથા જરૂર મુજબ ચશ્મા માટે માર્ગદર્શન અપાયું જેમને નંબર હોવાનું નિદાન થયું તેમને ફ્રીમાં નંબરવાળા ચશ્માં આપવામાં આવ્યા.

એનિમિયા કેમ્પ અંતર્ગત લોહીની ઉણપ હિમોગ્લોબિન, કૃમિ, લોહિ વિકારની તપાસ કરવામાં આવી હતી. એનિમિયા ધરાવતા કામદારોને જરૂરી દવાઓ તથા પોષણ વિશે માર્ગદર્શન આપવામાં આવ્યું હતું.

આ કેમ્પનો મુખ્ય હેતુ ફેકટરીના કામદારોને આરોગ્ય પ્રત્યે જાગૃત્તિ લાવવો અને એમના શારિરીક સ્વાસ્થ્યનો સુધારો લાવવાનો હતો સમગ્ર કેમ્પ સફળતાપૂર્વક પૂર્ણ થયો અને કામદારોને તેનો મોટો લાભ થયો.




ideal
Ideal House, Jawahar Road, Surendranagar.
M. 96242 06000 - 84900 55555




## OCV Meeting

**(કલબ એકિવીટી ઓફિશ્યલ કલબ વિઝીટ)**

**મીટીંગ કોલ ટુ ઓર્ડર : રો. ધ્વનિજ પાટડીયા**    **ફોરવે ટેસ્ટ : રો. લતા શાહ**
**સ્થળ : રોટરી હોલ**    **તા. ૭-૧૧-૨૦૨૫, શુક્રવાર**

કલબ એક્ટિવીટી ઓફિશ્યલ કલબ વિઝિટ માટે D. G. અમરદિપસિંહ બુનેટ આવ્યા હતા. સૌપ્રથમ D. G. સાથે બોર્ડ મેમ્બરોની મીટીંગ રાખવામાં આવી હતી. રો. પ્રેસિડન્ટ હિરેન શાહ, D. G. તથા બોર્ડ મેમ્બરોને આવકાર્યા હતા. બોર્ડ મેમ્બરોએ તેમનું Introduction આપ્યુ હતું તેમજ સ્પેશ્યલી કોમ્પલીમેનટ આપ્યું હતું કે મારે તમને કંઈ સુચન દેવાનું થતું નથી. રોટરી કલબ ઓફ સુરેન્દ્રનગર ખૂબ જ સારુ કામ કરી રહી છે તેઓ તેમને સંતોષ વ્યકત કર્યો હતો. ડિસ્ટ્રીક માટેનું સુચન હોય તો જણાવશો.

જનરલ મીટીંગ શરૂ કરેલી તેમા સૌ પ્રથમ દિપ્તી શાહ તથા મિત્તલ શાહ દ્વારા પ્રાર્થના કરવામાં આવી હતી. D. G. અમરદિપ સિંહ બુનેટ રો. પ્રેસિડન્ટ હિરેન શાહ, રો. સેક્રેટરી જીતેશ દફતરી તથા ફસ્ટ લેડી તોરલ શાહ, હેમાલી દફતરી દ્વારા દિપ પ્રાગટયથી શરૂઆત કરવામાં આવી હતી.

D. G. અમરદિપસિંહ બુનેટને રો. પ્રેસિડન્ટ હિરેન શાહ તથા રો. સેક્રેટરી જીતેશ દફતરીએ પુષ્પ ગુચ્છ આપી અભિવાદન કર્યુ હતું.

ideal
Ideal House, Jawahar Road, Surendranagar.
M. 96242 06000 - 84900 55555



રો. પ્રેસિડનટ હિરેન શાહ દ્વારા D. G. અમરદિપસિંહ બુનેટ તથા રોટરી કલબ ઓફ સુરેન્દ્રનગરના ફેમિલી મેમ્બર તથા વઢવાણ રોટરીના પ્રેસિડન્ટ, સેક્રેટરી તથા વઢ વાણ મેટ્રોના પ્રેસિડન્ટ, સેક્રેટરીને આવકારીને દિલથી અભિવાદન અને સ્વાગત કરીને વેલકમ સ્પીચ આપી હતી.

D. G. અમરદિપસિંહ બુનેટનો પરિચય Audio - Visual દ્વારા આપવામાં આવ્યો હતો.

રો. સેક્રેટરી જીતેશ દફતરી દ્વારા ‘‘કલા કર્મપીઠ’’ પ્રોજેકટ જે ખૂબ જ સરસ ચાલી રહ્યો છે. આઈ ચેક અપ કેમ્પ, એનિમિયા કેમ્પ, સોલાર પેનલ, સોલાર વોટર ફિલ્ટર, સ્વમાન સ્ટોર, નવરાત્રી સેલિબ્રેશન, માઈનોર સર્જરી કેમ્પ, રાયલા, એવરી ડે સાયન્સ ડે, અર્પણ પ્રોજેકટ, રેઈન કોટ, ડિસ્ટ્રીબ્યુશન, સ્કુલ પ્રવેશ ઉત્સવ, અન્નપૂર્ણા પ્રોજેકટ આમ ઘણા નાના-મોટા પ્રોજેકટની માહિતી વિગતવાર આપવામાં આવી હતી. વધુ જણાવતા આનંદ થાય કે હજી પણ પ્રોજેકટ જે કરવા જઈ રહ્યા છીએ તેની પણ વિગતવાર માહિતી આપી હતી.

રો. સેક્રેટરી જીતેશ દફતરીએ અમારા કલબમાં ચાલતા અને પૂર્ણ થયેલા વિવિધ પ્રોજેકટોની વિગતવાર માહિતી આપી હતી. તેમણે પ્રત્યેક પ્રોજેકટનો ઉદેશ, સ્થળ, લાભાર્થીઓ વિશે પણ સુંદર રીતે સમજાવ્યું હતું. રો. સેક્રેટરી જીતેશ દફતરી દ્વારા પ્રોજેકટોનું ખૂબ જ વ્યવસ્થિત રીતે પ્રેઝન્ટેશન આપવામાં આવ્યું હતું. રો. જીતેશ દફતરી એ પ્રોજેકટની આ માહિતી દ્વારા D. G. અમરદિપસિંહ બુનેટ તથા સભ્યોમાં વધુ ઉત્સાહ વધ્યો અને આગામી પ્રોજેકટોમાં વધુ સક્રિય રીતે સહભાગી થવાની પ્રેરણા મળી. D. G. અમરદિપસિંહ બુનેટ આ માહિતી દરમ્યાન પ્રોજેકટોની નોંધ લીધી હતી. રો. ક્રિષ્ના સોલંકી (બુલેટિન એડિટર) દ્વારા મંથલી બુલેટિન બહાર પાડવામાં આવે છે તેની નોંધ D. G. અમરદિપસિંહ બુનેટ દ્વારા લેવામાં આવી હતી.



D. G. અમરદિપસિંહ બુનેટ દ્વારા Audio - Visual PPT દ્વારા રોટરીના પ્રોજેકટનું પ્રેઝન્ટેશન રજુ કરવામાં આવ્યું હતું. તેમણે ખૂબ જ સુંદર અને સરળ રીતે દરેક પ્રોજેકટની માહિતી આપી હતી. પ્રેજન્ટેશન દરમ્યાન તેમણે પ્રોજેકટ માટે તથા વિશે વિતગવાર સમજાવ્યું દરેક સ્લાઈડ સાથે ઓડિયો અને વિઝયુઅલ દ્વારા સુવ્યવસ્થિત રીતે રજુ કરવામાં આવ્યું હતુ.

દરેક સભ્યોને સમગ્ર પ્રોજેકટની સ્પષ્ટ અને અસરકારક સમજ મળી હતી તેમને સભ્યોને આગામી પ્રોજેકટોમાં વધુ ઉત્સાહથી જોડાવા પ્રેરિત કર્યા હતા.

રો. સાગર શાહ દ્વારા કાર્યક્રમની શરૂઆતથી લઈને પૂર્ણતા સુધી MOC (માસ્ટર ઓફ સેરેમની) ખુબ જ વ્યવસ્થિત રીતે સંચાલિત કરવમાં આવી હતી. તેમણે કાર્યક્રમના દરેક ભાગને સુંદર રીતે જોડયા તથા મહેમાનોના પરિચય થી લઈને સમાપન સુધી સમગ્ર કર્યાક્રમને જીવંત અને રસપ્રદ બનાવી રાખ્યું હતું. તેમના મધુર સ્વરથી સમગ્ર કાર્યક્રમ સફળ અને યાદગાર તથા આનંદમય બની રહ્યો

રો. પ્રેસિડન્ટ હિરેન શાહ તથા રો. સક્રેટરી જીતેશ દફતરી દ્વારા D. G. અમરદિપસિંહ બુનેટને મોમેન્ટો અર્પણ કરવામાં આવ્યો હતો.

D. G. અમરદિપસિંહ બુનેટ દ્વારા રો. પ્રેસિડન્ટ હિરેન શાહ તથા રો. સેક્રેટરી જીતેશ દફતરીને મોમેન્ટો અર્પણ કરવામાં આવ્યો હતો.

રો. જીતેશ દફતરી દ્વારા આ કાર્યક્રમને પૂર્ણતાની સ્પીચ આપી હતી તથા રો. સેક્રેટરી જીતેશ દફતરી તથા હેમાલી દફતરી દ્વારા સુંદર ફેલોશીપ આપવામાં આવી હતી. જે દરેક મેમ્બર તથા આમંત્રિત મહેમાનોએ ઉત્સાહ ભેર સ્વરૂચિ ભોજનનો આનંદ લીધો હતો. તથા સ્વરૂચિ ભોજન બાદ આઈસ્ક્રીમ અને મુખવાસ પણ હતા જેનાથી ફેલોશીપનો માહોલ ઉલ્લાસભર્યો બની રહ્યો.



ideal
Ideal House, Jawahar Road, Surendranagar.
M. 96242 06000 - 84900 55555













ideal
Ideal House, Jawahar Road, Surendranagar.
M. 96242 06000 - 84900 55555





## Project - 45

પ્રોજેકટ : સોલાર વોટર હિટર (સોલાર પેનલ)
ડોનર : ડી. વી. શાહ

તારીખ : ૯-૧૧-૨૦૨૫, રવિવાર
સ્થળ : ધ્રાંગધ્રા પાસે આવેલ વિરેન્દ્ર ગઢ આશ્રમ શાળા ખાતે

રોટરી કલબ ઓફ સુરેન્દ્રનગર દ્વારા ધ્રાંગધ્રાની બાજુમાં આવેલ વિરેન્દ્રગઢ ખાતે આવેલ આશ્રમ શાળામાં ૫૦૦ લીટના ૪ સોલાર હિટર દાનમાં અપાયા હતા. ધ્રાંગધ્રાની વિરેન્દ્રગઢ આશ્રમ શાળામાં ૧૬૦ જેટલા વિદ્યાર્થીઓ હોસ્ટેલમાં રહે છે તેમને શિયાળામાં ઠંડા પાણીથી નહાવું પડતું હતું આથી રોટરી કલબ ઓફ સુરેન્દ્રનગર દ્વારા રો. ડી. વી. શાહના સહયોગથી સોલાર વોટર હિટર ફીટ કરવામાં આવ્યા હતા. આ સમગ્ર પ્રોજેકટનું સંચાલન રો. પ્રેસિડન્ટ હિરેન શાહ દ્વારા કરવામાં આવ્યું હતી.

આ પ્રોજેકટ દ્વારા શાળના વિદ્યાર્થીઓને ખાસ કરીને ઠંડીના દિવસોમાં મોટી સહાય મળી રહી છે. સોલાર વોટર હિટર થકી વીજળીની બચત પણ થાય છે અને પર્યાવરણને અનુકુળ ઉર્જાનો ઉપયોગ થાય છે.

રોટરી કલબ ઓફ સુરેન્દ્રનગરનો આ પ્રયાસ સમાજ માટે એક ઉત્તમ ઉદાહરણ છે કે કેવી રીતે નવીન ઉર્જા સ્ત્રોતોનો ઉપયોગ કરીને લોકોના જીવનમાં સુધાર લાવી શકાય છે. સમગ્ર પ્રોજેકટનું આયોજન રો. પ્રેસિડન્ટ હિરેન શાહના દેખરેખ હેઠળ કરવામાં આવ્યું છે.

ideal
Ideal House, Jawahar Road, Surendranagar.
M. 96242 06000 - 84900 55555



## વીરેન્દ્રગઢ આશ્રમશાળાને 500 લીટરના 4 સોલર હીટર અપાયા






જોરાવરનગર ભાસ્કર । રોટરી કલબ ઓફ સુરેન્દ્રનગર દ્વારા ધાંગધ્રાની બાજુમાં આવેલ વિરેન્દ્રગઢ ખાતે આવેલ આશ્રમશાળામા 500 લીટરના 4 સોલર હીટર દાનમાં અપાયા હતા. ધાંગધ્રાની વિરેન્દ્રગઢ આશ્રમશાળામા 160 જેટલા વિદ્યાર્થીઓ હોસ્ટેલમાં રહે છે તેમને શિયાળામાં ઠંડા પાણીથી નહાવું પડતું હતું આથી રોટરી કલબ ઓફ સુરેન્દ્રનગર દ્વારા રોટેરિયન ડી.વી શાહના સહયોગથી ફીટ કરવામાં આવ્યા હતા. આ સમગ્ર પ્રોજેક્ટનું સંચાલન રોટરી કલબ ઓફ સુરેન્દ્રનગરના પ્રમુખ હિરેનભાઈ શાહ દ્વારા કરવામાં આવ્યું હતું.

## Meeting - 14

મીટીંગ કોલ ટુ ઓર્ડર : રો. ચિરાગ શાહ
સુવિચાર : રો. કમલેશ રાવલ
ગ્રીટીંગ્સ્ : રો. પારસ સોલંકી

ફોરવે ટેસ્ટ : રો. રાકેશ શાહ
એટેન્ડન્સ : રો. ઉલ્હાસ મરાઠે સાહેબ
તા. ૧૨-૧૧-૨૦૨૫, બુધવાર

બોર્ડ મીટીંગનો અહેવાલ રો. સેક્રેટરી જીતેશ દફતરી દ્વારા આપવામાં આવ્યો હતો. O.C.V. મીટીંગનો અહેવાલ રો. ઉદય રાવલ દ્વારા વિસ્તાર પૂર્વક આપવામાં આવ્યો હતો. સોલાર વોટર હિટરનો અહેવાલ રો. પ્રેસિડન્ટ હિરેન શાહ દ્વારા આપવામાં આવ્યો હતો.




એસ. કે. પી. બેરિંગ ખાતે આઈ ચેક અપ કેમ્પ તથા એનિમિયા મુકત ભારત કેમ્પનો અહેવાલ રો. પ્રેસિડન્ટ હિરેન શાહ દ્વારા આપવામાં આવ્યો હતો.

વર્ષ ૨૦૨૪-૨૫ માં રોટરી કલબ ઓફ સુરેન્દ્રનગર દ્વારા વિવિધ ક્ષેત્રોમાં રો. ઉલ્હાસ મરાઠેની સેવા અત્યંત સરાહનીય રહી હતી.

તેમના ઉત્તમ સેવાભાવ અને નિઃસ્વાર્થ કાર્યોને માન આપી રો. ઉલ્હાસ મરાઠેને ડિસ્ટ્રીક તરફથી Avenue of Service Award મળેલ છે.

ideal
Ideal House, Jawahar Road, Surendranagar.
M. 96242 06000 - 84900 55555



## Project - 46

**પ્રોજેક્ટ : આઈ ચેક અપ કેમ્પ તથા એનિમિયા કેમ્પ** **તારીખ : ૧૭-૧૧-૨૦૨૫, સોમવાર**
**સ્થળ : વિરેન્દ્રગઢ આશ્રમ શાળા**


રોટરી કલબ ઓફ સુરેન્દ્રનગર તથા શ્રીમદ રાજચંદ્ર હોસ્પિટલ અને રિસર્ચ સેન્ટર ફેમિલી ટ્રસ્ટ (ધરમપુર) વિઝન કેર તથા સી.યુ.શાહ મેડિકલ કોલેજના સંયુકત ઉપક્રમે આઈ ચેક અપ કેમ્પ તથા એનિમિયા કેમ્પ કરવામાં આવ્યો.

વિરેન્દ્રગઢ આશ્રમ શાળામાં તથા આજુબાજુ ગામડામાંથી એમ કરીને ૩૯૨ લાભાર્થીઓ એ લાભ લીધો હતો.

આ આઈ ચેક અપ કેમ્પમાં આંખો તપાસ કરવામાં આવી હતી જેમને નંબર હોવાનું નિદાન થયુ તેમને નંબર વાળા ચશ્મા ફ્રી માં આપવામાં આવ્યા તથા આંખોની સંભાળ કેમ રાખવી તેની સલાહ પણ આપવામાં આવી તથા એનિમિયા કેમ્પમાં લોહીની તપાસ હિમોગ્લોબિન, કૃમિ કે લોહિવિકારની તકલીફ હોય તેને ચકાસીને દવા ફ્રીમાં આપવામાં આવી હતી.

ideal
Ideal House, Jawahar Road, Surendranagar.
M. 96242 06000 - 84900 55555










ideal
Ideal House, Jawahar Road, Surendranagar.
M. 96242 06000 - 84900 55555

## Project - 47

**પ્રોજેક્ટ : આઈ ચેક અપ કેમ્પ તથા એનિમિયા કેમ્પ**

**તારીખ : ૧૮-૧૧-૨૦૨૫, મંગળવાર**

**સ્થળ : દેહગામી આશ્રમ શાળા**

રોટરી કલબ ઓફ સુરેન્દ્રનગર તથા શ્રીમદ રાજચંદ્ર હોસ્પિટલ અને રિસર્ચ સેન્ટર ફેમિલી ટ્રસ્ટ (ધરમપુર) વિઝન કેર તથા સી.યુ.શાહ મેડીકલ કોલેજના સંયુકત ઉપક્રમે આઈ ચેક અપ કેમ્પ તથા એનિમિયા કેમ્પ કરવામાં આવ્યો.

દેહગામ આશ્રમ શાળામાં તથા રણવિસ્તારમાં રહેતા અગરિયાઓનું આઈ ચેક અપ કેમ્પ તથા એનિમિયા કેમ્પ કરવામાં આવ્યું હતું. આ બન્ને કેમ્પમાં ૩૦૦ લાભાર્થીઓ એ ભાગ લીધો હતો.

રણવિસ્તારની શાળા અગરિયા સમુદાયની છે વાત કરીએ હાલની પરિસ્થિતિ અગરિયાઓ માટે ખૂબ જ પડકાર જનક છે તેથી ખોટ વેઠીને અગરિયાઓ ફરી રણમાં ગયા છે. ગામમાં રહેતા હોય કે રણમાં સૌ માટે આંખની તપાસ મહત્વની હોય છે. અગરિયાઓ મીઠુ બનાવવાની સિઝન પુરી થાય છે ત્યારે જ તેઓ ગામમાં પાછા ફરે છે. આવા સમયે રોટરી કલબ ઓફ સુરેન્દ્રનગર દ્વારા આંખની તપાસ કરીને ફ્રીમાં નંબરવાળા ચશ્મા આપવામાં આવ્યા તથા આંખની જાળવણી માટેની મહત્વના સુચનો પણ આપવામાં આવ્યા હતા.




અગરિયાઓ માટે લોહીની તપાસ મોટા ભાગના લોકો માટે જીવનમાં પહેલી વાર થઈ છે. અહી લીલા શાકભાજી, પ્રોટીન અને વિટામીન વિશે વાત કરીએ તો ખરેખર એ તેમના માટે નવા અને અજાણ્યા વિષયો છે. લોહીની તપાસ કરીને તે મહત્વની ખાવા પીવાની ચીજો વિશે સલાહ આપવામાં આવી હતી. એવા ઘણાં લોકો હતા કે જેમણે લોહીની ઉણપ હતી તેમને દવા ફ્રીમાં આપવામાં આવી હતી.

દેહગામ આશ્રમ શાળામાં તથા રણમાં રહેતા અગરિયાઓ માટે આ કેમ્પ દ્વારા સારૂં એવું માર્ગદર્શન તથા જરૂરી સુચનો આપ્યા. આ પ્રોજેક્ટ ખૂબ જ સફળ રહ્યા છે.






ideal
Ideal House, Jawahar Road, Surendranagar.
M. 96242 06000 - 84900 55555

ideal
Ideal House, Jawahar Road, Surendranagar.
M. 96242 06000 - 84900 55555

## Project - 48

**પ્રોજેક્ટ : આઈ ચેક અપ કેમ્પ તથા એનિમિયા કેમ્પ**
**તારીખ : ૧૯-૧૧-૨૦૨૫, બુધવાર**
**સ્થળ : સાવડા ગામ**

રોટરી કલબ ઓફ સુરેન્દ્રનગર તથા શ્રીમદ્ રાજચંદ્ર હોસ્પિટલ અને રિસર્ચ સેન્ટર ફેમિલી ટ્રસ્ટ (ધરમપુર) વિઝન કેર તથા સી.યુ.શાહ મેડિકલ કોલેજના સંયુકત ઉપક્રમે આઈ ચેક અપ કેમ્પ તથા એનિમિયા કેમ્પ કરવામાં આવ્યો.

સાવડા ગામમાં આઈ ચેક અપ કેમ્પ તથા એનિમિયા કેમ્પ યોજાયો હતો કેમ્પમાં ગામના નાના-મોટા લોકો મોટી સંખ્યામાં જોડાયા હતા. નિષ્ણાંત ડોકટરો દ્વારા આંખની તપાસ કરવામાં આવી. જેમને નંબર હોવાનું નિદાન થયું તેમને ફ્રી માં ચશમાં આપવામાં આવ્યા હતા.

એનિમિયા કેમ્પમાં લોહીની તપાસ હિમોગ્લોબીન કૃમિ કે લોહી વિકારની તકલીફ હોય તેને ચકાસીને દવા ફ્રી માં આપવામાં આવી આ બન્ને કેમ્પના લાભાર્થીઓને સંભાળ રાખવા માટેના સલાહ સુચનો આપવામાં આવ્યા હતા. આ બન્ને કેમ્પના ૨૪૦ લાભાર્થીઓએ લાભ લીધો હતો.







ideal
Ideal House, Jawahar Road, Surendranagar.
M. 96242 06000 - 84900 55555



## Project - 49

**પ્રોજેક્ટ : અન્નપૂર્ણા પ્રોજેક્ટ**
**પ્રોજેક્ટ ચેર : નીતિન પટેલ**
**પ્રોજેક્ટ કો. ચેર : ચિંતન રાવલ**
**તારીખ : ૨૭-૧૧-૨૦૨૫, બુધવાર**
**સ્થળ : મુળી પાસે આવેલ વૃધ્ધાશ્રમ**
**ડોનર : રો. અલ્પેશ સોની**

મુળી પાસે આવેલ વૃદ્ધાશ્રમમાં અન્નપૂર્ણા પ્રોજેક્ટ કરવામાં આવ્યો હતો. વૃદ્ધ લોકો ને ધ્યાનમાં રાખીને સ્વાદિષ્ટ અને પોષ્ટિક ભોજન આપવાની વ્યવસ્થા કરી હતી.

આ સેવા હેતુ માત્ર ભોજન પુરૂ પાડવાનો નહોતો પરંતુ વૃદ્ધો સુધી પ્રેમ, સન્માન અને માનવતા પહોંચાડવાનો હતો.

## Project - 50

**પ્રોજેક્ટ : આઈ ચેક અપ કેમ્પ તથા એનિમિયા કેમ્પ**
**તારીખ : ૨૮-૧૧-૨૦૨૫, બુધવાર**
**સ્થળ : લખતર**

રોટરી કલબ ઓફ સુરેન્દ્રનગર તથા શ્રીમદ રાજચંદ હોસ્પિટલ અને રિસર્ચ સેન્ટર ફેમિલી ટ્રસ્ટ (ધરમપુર) વિઝન કેર તથા સી.યુ.શાહ મેડિકલ કોલેજના સંયુકત ઉપક્રમ આઈ ચેક અપ કેમ્પ તથા એનિમિયા કેમ્પ કરવામાં આવ્યો હતો.

લખતર પાસે આવેલી સ્કૂલમાં આઈ ચેક અપ કેમ્પ તથા એનિમિયા કેમ્પ કરવામાં આવ્યો.

વિદ્યાર્થીઓને આંખોની ચકાસણી વિશે સરળ ભાષામાં સમજાવવામાં આવ્યું હતું. એક પછી એક વિદ્યાર્થીઓની આંખોની તપાસ કરાઈ હતી તપાસ દરમિયાન કોઈ વિદ્યાર્થીને ચશ્માની જરૂર હોય તેમને નંબરવાળા ચશ્મા ફ્રી માં આપવામાં આવ્યા હતા.

એનિમિયા કેમ્પમાં લોહીની તપાસ હિમોગ્લોબિન કૃમિ કે લોહી વિકારની તકલીફ હોય તેને ચકાસીને દવા ફ્રીમાં આપવામાં આવી હતી. એનિમિયા શું છે, કેમ થાય છે અને તેની કાળજી કેમ જરૂરી છે. વિદ્યાર્થીઓને યોગ્ય આહાર લેવાની સલાહ આપવામાં આવી હતી. આ બન્ને કેમ્પના ૫૫૦ લાભાર્થીઓએ લાભ લીધો હતો. રો. પ્રેસિડન્ટ હિરેન શાહ ફસ્ટ લેડી તોરલ શાહ, તૃપ્તિ શુકલ તથા સ્કુલના પ્રિન્સીપાલ તથા સ્ટાફની હાજરી રહી હતી.



ideal
Ideal House, Jawahar Road, Surendranagar.
M. 96242 06000 - 84900 55555









ideal
Ideal House, Jawahar Road, Surendranagar.
M. 96242 06000 - 84900 55555



## Fellowship

તા. ૨૪-૧૧-૨૦૨૫ ના રોજ રો. ઉદય રાવલ તથા માયા રાવલ, રો. રશ્મિન મહેતા તથા રો. ભાવના મહેતા દ્વારા રજવાડું હોટલમાં સુંદર ફેલોશીપ ડિનરનું સ્વાદિષ્ટ કાઠીયાવાડી ભોજન સર્વ કરવામાં આવયું હતું સૌ રોટેરીયનો એ તેમના પરિવાર સાથે મળીને ભોજનનો આનંદ માણ્યો હતો. આવી ફેલોશીપ દ્વારા સભ્યો વચ્ચે મિત્રતા સમજૂતી એકતા અને સ્નેહ વધુ મજબુત બને છે માત્ર આપણે જ નહીં પરંતુ આપણા બાળકો વચ્ચે પણ મિત્રતા અને જોડાણ વધે છે આવા પ્રસંગો દ્વારા તેમની બોન્ડીંગ પણ વધુ મજબૂત બને છે જે રોટરી પરિવાર માટે ગર્વની બાબત છે.









ideal
Ideal House, Jawahar Road, Surendranagar.
M. 96242 06000 - 84900 55555

## REWARDS & RECOGNITION

Rotary District 3060 | UNITE FOR GOOD | Team Achievers

### TOP 10 CLUBS IN CLUB AND COMMUNITY SERVICE PROJECTS AS PER RIZONES4567.ORG - OCT 2025

| Rank | Club Name | President Name | Secretary Name | AG Name |
|---|---|---|---|---|
| 1 | CHIKHLI RIVERFRONT | Sanjay Patel | Dr.Chirag Desai | Gautam Bhavsar |
| 2 | AMRELI GIR | Trilok Bhatt | Nirav Zinzuvadia | Girish Thakkar |
| 3 | BHAVNAGAR | Kaushal Sheth | Mahipalsinh Rana | Himanshu Jagani |
| 4 | SURENDRANAGAR | Hiren Shah | Jitesh Daftary | Sandeep Gandhi |
| 5 | BARODA JAWAHARNAGAR | Mitesh Vadhia | Manish Shah | Dr. Yuvraj Priyadarshi |
| 6 | BHAVNAGAR ROYAL | Dr Shakeel Chauhan | Nirav Doshi | Jatin Bhayani |
| 7 | GANDEVI | Shaileshbhai Vashi | Parul Naik | Dipesh Shah |
| 8 | HALVAD | Gajendra Moradia | Pratik Pathak | Dr. Ashvin Gadhvi |
| 9 | SURAT TAPI | Dipak Bhatt | CA Parth Shah | Bankim Vashi |
| 10 | RAJKOT MIDTOWN | Jignesh Kamdar | Akash Parekh | Lalit Joshi |
| 10 | RAJKOT PRIME | Nihar Chandarana | Mehul Parmar | Nilesh Bhojani |

### TOP 5 CLUBS IN PUBLIC IMAGE AS PER RIZONES4567.ORG - OCT 2025

| Rank | Club Name | President Name | Secretary Name | AG Name |
|---|---|---|---|---|
| 1 | RAJKOT PRIME | Nihar Chandarana | Mehul Parmar | Nilesh Bhojani |
| 2 | SURENDRANAGAR | Hiren Shah | Jitesh Daftary | Sandeep Gandhi |
| 3 | BHAVNAGAR VIBRANT | Namrita Chadha | Sunita Parag Shah | Himanshu Jagani |
| 4 | AMRELI GIR | Trilok Bhatt | Nirav Zinzuvadia | Girish Thakkar |
| 5 | HALVAD | Gajendra Moradia | Pratik Pathak | Dr. Ashvin Gadhvi |
| 5 | UMBERGAON | Dr Priyanka Sheth | Lalit Taparia | Swati Shah |

રોટરી વર્ષ ૨૦૨૫-૨૬ ઓકટોબર મહિનાના GML માં રોટરી કલબ ઓફ સુરેન્દ્રનગર સર્વિસ પ્રોજેકટની કેટેગરીમાં ડિસ્ટ્રિક્ટ ૩૦૬૦ માં ૧ થી ૧૦ કલબમાં ચોથા ક્રમાંક ઉપર છે, તથા પબ્લિક ઈમેજ કેટેગરીમાં એક થી ૧૦ કલબના ક્રમાંકમાં બીજો ક્રમ આવેલ છે.


ideal
Ideal House, Jawahar Road, Surendranagar.
M. 96242 06000 - 84900 55555



## CLUBS IN ACTION

Rotary District 3060 | UNITE FOR GOOD | Team Achievers

### ROTARY CLUB OF SURENDRANAGAR






Rotary Club of Surendranagar regularly organizes various service activities. As part of this effort, solar panels have been installed at the Ashram School in Dehgam village near Patdi to provide hot water. A 500-liter capacity solar water heating system with four panels has been fitted there. Through this initiative by the Rotary Club of Surendranagar, around 160 students living in the Ashram School will now have access to hot water. The project's funding was provided SKP Bearings, Shree Palsikar family. The total cost of the project is ₹1.65 lakh. The entire project was carried out under the leadership of President Rtn. Hirenbhai Shah of the Rotary Club of Surendranagar. With such initiatives, the Rotary Club of Surendranagar has become a well-known organization in the district for its continuous social service activities. This initiative reflects the club's continued commitment to community welfare and sustainable development.





To celebrate the auspicious festival of Diwali and October project, the Rotary Club of Surendranagar organized a special initiative called "Swaman Store." For the last five years, the Rotary Club of Surendranagar has successfully organized the Swaman Store project.
The store featured over 70 new household items available for sale at the Rotary Hall, Surendranagar, during Saturday and Sunday. Items such as sarees, kurtis, designer dresses, crockery, plastic ware, children's clothes, footwear, imitation jewellery, bedsheets, napkins, and many other essential goods were made available at very reasonable and affordable prices. This unique project has been successfully carried out by the Rotary Club of Surendranagar for the past five years. The main objective of the initiative is to ensure that people from economically weaker sections of society can also celebrate the festival with joy, dignity, and self-respect. For the past 72 years, the Rotary Club of Surendranagar has been at the forefront of community service and continues to organise many such humanitarian projects for the welfare of society.

આપણા સોલર પ્રોજેકટ તથા સ્વમાન સ્ટોરને પણ GMLમાં સ્થાન મળેલ છે.

ideal
Ideal House, Jawahar Road, Surendranagar.
M. 96242 06000 - 84900 55555




## CAKES AND CANDLES




| | | | | |
|---|---|---|---|---|
| 4 | Nov. | Ann | Khusi Dhanesbhai Vakhariya | B. D. |
| 4 | Nov. | Ann. | Soham Apoorv Sheth | B. D. |
| 5 | Nov. | Ann. | Charvi Mukesh Chaudhari | B. D. |
| 5 | Nov. | Ann. | Krusha Harshadbhai Mehta | B. D. |
| 7 | Nov. | Ann. | Neha Dineshkumar Shah | B. D. |
| 7 | Nov. | Rtn. | Vipul Soni & Ruta Soni | W. A. |
| 8 | Nov. | Rtn. | Amin Bhurani & Najma Bhurani | W. A. |
| 9 | Nov. | Spo. | Jaynaben Alpeshbhai Soni | B. D. |
| 9 | Nov. | Ann. | Urvi Dineshbhai jani | B. D. |
| 10 | Nov. | Rtn. | Parasbhai Solanki | B. D. |
| 15 | Nov. | Rtn. | Pallav C. Shah | B. D. |
| 17 | Nov. | Ann. | Harsh Alpeshbhai Soni | B. D. |
| 19 | Nov. | Rtn | Devang K. Goswami | B. D. |
| 19 | Nov. | Spo. | Alkaben Jagdishbhai Halani | B. D. |
| 20 | Nov. | Ann. | Dr. Setu V. Satani | B. D. |
| 23 | Nov. | Rtn. | Dr. Bipinbhai Shah | B. D. |
| 24 | Nov. | Ann. | Dr. Urvi Nitin Patel | B. D. |
| 26 | Nov. | Ann. | Krupali Bharatsinh Chudasama | B. D. |
| 27 | Nov. | Ann. | Shetul Ashokbhai Shah | B. D. |
| 27 | Nov. | Rtn. | Hiren & Toral Shah | W. A |
| 28 | Nov. | Rtn. | Kalpeshbhai & Kundanben Wandra | W. A. |


ideal
Ideal House, Jawahar Road, Surendranagar.
M. 96242 06000 - 84900 55555




| | | | | |
|---|---|---|---|---|
| 29 | Nov. | Rtn. | Nileshbhai Pancholi | B. D. |
| 29 | Nov. | Ann. | Chirag M. Nathwani | B. D. |
| 29 | Nov. | Rtn. | Dhavanij & Ridhdhi Patadiya | W. A. |
| 30 | Nov. | Rtn. | Harshdbhai Mehta | B. D. |
| 30 | Nov. | Rtn. | Parth & Ruchita Doshi | W. A. |
| 30 | Nov. | Rtn. | Bhavin & Rina Gohil | W. A. |
| 30 | Nov. | Ann. | Mayur & Drashti Raval | W. A. |

UNITE FOR GOOD

Team Achievers

ROTARY INTERNATIONAL


CUSTOM TAILORING BY
IDEAL
Readymade
Suits | Jodhpuri | Koti
Shirts | Formal Pants
Jeans | Cottons T-Shirts
Raymond
OCM
Reid & Taylor
DIGJAM

Compay Authorised Retail dealer
ideal
Ideal House, Jawahar Road, Surendranagar. M. 96242 06000 - 84900 55555


## CLUB CONTACTS


| PRESIDENT | SECRETARY | BULLETIN EDITOR |
|---|---|---|
| Rtn. Hiren Shah | Rtn. Jitesh Daftari | Rtn. Krishna Solanki |
| 90677 89182 | 98252 23552 | 94081 12173 |
| hirenshah6699@gmail.com | daftory@hotmail.com | krishnaomicron@gmail.com |



Publisher : Rotary Club of Surendranagar
MEET ON EVERY WEDNESDAY AT 8.30 PM. ROTARY HALL, NR. N.T.M. HIGH SCHOOL, SURENDRANAGAR-363001